# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી ભુજ

**Date: 10-07-2026 Day: Friday Evening: 6.25 to 6.30 pm**

**આકાશવાણી ભુજ સમાચાર અશરફ નથવાણી વાંચે છે.**

---

## રાજ્યના રાષ્ટ્રીય રાજમાર્ગના કામની સમીક્ષા

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ રાજ્યના રાષ્ટ્રીય રાજમાર્ગના કામની સમીક્ષા કરી. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત સંબંધિત વિભાગના વરિષ્ઠ સચિવો સાથે ઉચ્ચસ્તરની બેઠકમાં શ્રી ગડકરીએ વિવિધ મુદ્દા પર ચર્ચા કરી. તેમણે રાજ્યના રાષ્ટ્રીય રાજમાર્ગના કામ માટે ભંડોળ મેળવવા દરખાસ્ત મોકલવા સરકારને અનુરોધ કર્યો હતો. જ્યારે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાલનપુર–સામખિયાળી માર્ગ વિસ્તરણ કામમાં ઝડપ લાવવા શ્રી ગડકરીને અનુરોધ કર્યો.

--------------------------------------------------------------------------------------------

## વરસાદ

રાજ્યભરમાં વરસાદે વિરામ લીધો છે. દરમિયાન આજથી બે દિવસ સમગ્ર રાજ્યમાં છૂટછવાયા સ્થળ પર સામાન્ય વરસાદની આગાહી છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 25 ટકા વરસાદ થતાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં 66 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. તો, 10 બંધને હાઈઅલર્ટ પર રખાયા છે.

બીજી તરફ, ચોમાસામાં પહેલી જૂનથી અત્યાર સુધીમાં વહીવટી તંત્ર દ્વારા આઠ હજાર 324 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું. જ્યારે ત્રણ હજાર 711 લોકોને બચાવાયા છે. જ્યારે માછીમારોને 12 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. દરમિયાન કોઈપણ કટોકટીને પહોંચી વળવા વિવિધ જિલ્લામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – NDRFની 12 અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ – SDRFની 26 ટુકડી તહેનાત કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------

## પશુપાલન-ઘાસચારો

જિલ્લામાં આ વર્ષે વરસાદ ખેંચાવાના કારણે મુખ્ય આર્થિક આધાર એવા પશુપાલન વ્યવસાય પર સીધી અને ગંભીર અસરો શરૂ થઈ ગઈ છે. જિલ્લામાં સીમ અને ગૌચર સુકાભઠ્ઠ થઈ જતાં ઘાસચારાની ભારે અછત સર્જાઈ છે.

આ પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટર અને વહીવટીતંત્રે તાકીદની બેઠક બોલાવી જિલ્લાના તમામ પ્રાંત અધિકારીઓને પોતપોતાના તાલુકાની વાસ્તવિક જરૂરિયાત મુજબના દૈનિક ઘાસના આંકડા રજૂ કરવા આદેશ આપ્યો હતો.

પ્રાંત અધિકારીઓ પાસેથી પ્રાપ્ત થયેલા દૈનિક જરૂરિયાતના આંકડાઓનું વિશ્લેષણ મુજબ જિલ્લામાં હાલમાં અંદાજિત દૈનિક 41 લાખ કિલો ઘાસચારાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

જાણવા મળતી વિગતો મુજબ, આગામી 15 દિવસની સ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા અંદાજીત 6 કરોડ કિલો ઘાસની ફાળવણી કરવા માટે રાજ્યના રાહત કમિશનરને સત્તાવાર દરખાસ્ત મોકલવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. ગાંધીનગરથી મંજૂરી મળ્યા બાદ કચ્છના વન વિભાગના ગોડાઉનોમાં ઉપલબ્ધ ઘાસનું વિતરણ તાત્કાલિક અસરથી શરૂ કરવામાં આવશે.

પશુપાલન વિભાગના ચોપડે નોંધાયેલા આંકડા મુજબ કચ્છમાં ગાય અને ભેંસ જેવા મોટા પશુઓની સંખ્યા અંદાજે 10 લાખ જેટલી છે. એક મોટા પશુને દૈનિક ઓછામાં ઓછા 4 કિલો સૂકા ઘાસચારાની જરૂરિયાત હોય છે. આ ગણિત મુજબ માત્ર મોટા પશુઓ માટે જ દૈનિક આંકડો અંદાજિત 40 લાખ કિલોની આસપાસ થાય છે, જેમાં નાના પશુઓ નો ઉમેરો થતાં વહીવટી તંત્રનો સત્તાવાર અંદાજ 41.64 લાખ કિલોએ પહોંચ્યો છે.

ઉલ્લેખનીય છે કે, વરસાદ ખેંચાવાના કારણે ઉભી થયેલી વર્તમાન પરીસ્થિતિમાં પશુઓ ભૂખ્યા ન રહે તે માટે માલધારી સંગઠનો, પશુપાલક સંસ્થાઓ, જિલ્લા સરપંચ સંગઠન તેમજ સ્થાનિક ધારાસભ્યો દ્વારા રાજ્ય સરકાર અને વહીવટી તંત્રને ઘાસની તાત્કાલિક ફાળવણી કરવા માટે સઘન રજૂઆતો કરવામાં આવી હતી.

-----------------------------------------------------------------------------------

## <u>ખરીફ પાકોનું વાવેતર</u>

જિલ્લામાં આ વર્ષે વરસાદ ખેંચાવાના કારણે ખરીફ પાકોના વાવેતર પર ગંભીર અસર જોવા મળી રહી છે. જિલ્લા ખેતીવાડી વિભાગના સત્તાવાર આંકડાઓ મુજબ, ગત વર્ષે જુલાઈના પ્રથમ સપ્તાહની સરખામણીએ આ વર્ષે વાવેતર વિસ્તાર અડધા કરતાં પણ ઓછો નોંધાયો છે.

ચોમાસુ સીઝનની આ નબળી શરૂઆતને પગલે જિલ્લાના લાખો ખેડૂતો ચિંતામાં મુકાયા છે. કચ્છમાં કુલ 6.5 લાખ હેક્ટર વાવેતર લાયક જમીન છે, જેમાંથી 1.78 લાખ હેક્ટર વિસ્તાર કુવા, બોરવેલ કે નર્મદા કેનાલ આધારિત પિયત ક્ષમતા ધરાવે છે. તેમ છતાં માત્ર 81,296 હેક્ટરમાં જ વાવેતર થયું છે.

આ વર્ષેની તાલુકાવાર વાવેતરની સ્થિતિ આ વર્ષે માંડવી તાલુકામાં સૌથી વધુ 17,869.0 હેક્ટર અને વાગડ પંથકના રાપર તાલુકામાં 13,195.0 હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર નોંધાયું છે, જ્યારે અબડાસામાં 12,274.0 હેક્ટર, ભુજમાં 11,571.1 હેક્ટર અને નખત્રાણામાં 9,465.0 હેક્ટર જમીનમાં વાવેતર કાર્ય સંપન્ન થયું છે.

અંજાર તાલુકામાં 7,484.0 હેક્ટર, ભચાઉમાં 5,945.0 હેક્ટર અને મુન્દ્રામાં માત્ર 3,011.0 હેક્ટરમાં જ વાવેતર થઈ શક્યું છે, જ્યારે વરસાદની તીવ્ર અછત ભોગવી રહેલા સરહદી લખપત તાલુકામાં સાવ નહિવત જેવું એટલે કે માત્ર 411.0 હેક્ટર અને ગાંધીધામમાં સૌથી ઓછું માત્ર 71.0 હેક્ટર વાવેતર થતાં ખરીફ સીઝન સાવ ઠપ્પ જેવી સ્થિતિમાં પહોંચી ગઈ છે, જેના લીધે જિલ્લાનું કુલ વાવેતર ગત વર્ષના 1,81,291 હેક્ટર સામે આ વર્ષે માત્ર 81,296.1 હેક્ટરે અટકી ગયું છે.

--------------------------------------------------------------------------------------

## ઘોરાડ

નલિયા ખાતે હાથ ધરવામાં આવેલા બીજા 'જમ્પ સ્ટાર્ટ' પ્રોજેક્ટ અંતર્ગત જન્મેલા દુર્લભ પક્ષી ઘોરાડના બીજા બચ્ચાએ તેના અતિ નાજુક અને મહત્વપૂર્ણ એવા પ્રથમ 40 દિવસ સફળતાપૂર્વક પાર કર્યા છે.

ગત 21 મે 2026ના રોજ જન્મેલ આ બચ્ચું આસપાસના સુરક્ષિત વિસ્તારમાં 100 થી 200 મીટર સુધીની હવામાં ટૂંકી ફ્લાઇટ ભરી રહ્યું છે. આ બચ્ચું નર છે કે માદા, તેની ચોક્કસ વૈજ્ઞાનિક ઓળખ મેળવવા માટે હજુ ચાર મહિના જેટલો સમય લાગશે તેમ વન વિભાગના સુત્રોનું કહેવું છે.

દરમ્યાન, દેશનું બીજું અને ગુજરાતનું પ્રથમ સોફ્ટ રિલીઝ સેન્ટર નલિયામાં બનાવવામાં આવી રહ્યું છે. નિર્માણાધીન આ સેન્ટર એક એવું નિયંત્રિત કુદરતી વાતાવરણ પૂરું પાડે છે જ્યાં કૃત્રિમ રીતે ઉછરેલા પક્ષીને સીધું ખુલ્લા જંગલમાં છોડવાને બદલે ધીમે-ધીમે વન્યજીવનના વાતાવરણમાં અનુકૂલન સાધવાની તાલીમ આપવામાં આવે છે. રિવાઇલ્ડીંગ પ્રોજેક્ટમાં રાજસ્થાનથી આવેલા ઘોરાડને અહીં ઉછેરવામાં આવશે.

--------------------------------------------------------------------------------------